પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબિલીટેશન, એકટ-૨૦૧૩ ની કલમ-૨૬ મુજબ " રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિ" ની રચના અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ-૧૦૧૪- ૭૨૭૭૭૨(પાર્ટ.૧)/ ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧-૪-૨૦૧૫

વંચાણે લીધાઃ

(૧) પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબીલીટેશન એકટ- ૨૦૧૩, તા.૧૯-૯-૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રુલ્સ-૨૦૧૩, તા.૧૨-૧૨-૨૦૧૩.

ઠરાવઃ-

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૯/૯/૨૦૧૩ ની અધિસૂચના થી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબિલીટેશન, એકટ-૨૦૧૩ અમલમાં મૂકેલ છે. જેની કલમ-૨૬ મુજબ આ એકટના અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે "રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિ" ની રચના કરવાની જોગવાઇ કરેલી છે. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના પરામર્શમાં વિચારણાને અંતે સમિતિનું માળખું નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ૨ | ૩. |
| (૧) | માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય અથવા માન. મુખ્યમંત્રીશ્રી ધ્વારા નિયુકત કરવામાં આવેલ માન.મંત્રીશ્રી | અધ્યક્ષ |
| (૨) | માન.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા | સભ્ય |
| (૩) | અધ્યક્ષશ્રી, સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર | સભ્ય |
| (૪) | પ્રતિનિધિશ્રી, રાષ્ટ્રીય સફાઇ કર્મચારી આયોગ અને અનુસૂચિત જાતિ આયોગ | સભ્ય |

| | | |
|---|---|---|
| (૫) | રાજય સરકાર ધ્વારા નીમવામાં આવેલ અનુસૂચિત જાતિના બે ધારાસભ્યશ્રીઓ | સભ્ય |
| (૬) | માન.મુખ્ય સચિવશ્રી, | સભ્ય |
| (૭) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, ગૃહ વિભાગ | સભ્ય |
| (૮) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, (સા.ન્યા.અને અ.વિ.) | સભ્ય-સચિવ |
| (૯) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય |
| (૧૦) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |
| (૧૧) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| (૧૨) | પોલીસ મહાનિર્દેશક, ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્ય |
| (૧૩) | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર | સભ્ય |
| (૧૪) | સંયુકત સચિવ/નાયબ સચિવશ્રી(સા.ન્યા અને અ.વિ.) | સભ્ય |
| (૧૫) | નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર | સભ્ય |
| (૧૬) | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર | સભ્ય |
| (૧૭) | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ | સભ્ય |
| (૧૮) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર | સભ્ય |
| (૧૯) | રીજીયોજનલ નિયામકશ્રી, એન.આઇ.સી. , ગાંધીનગર | સભ્ય |
| (૨૦) | નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો, ગાંધીનગર | સભ્ય |
| (૨૧) | રીજીયોનલ ડાયરેકટરશ્રી, વસ્તીગણતરી, ગાંધીનગર | સભ્ય |
| (૨૨) | પ્રતિનિધિ, રેલ્વે ડીવીઝન, અમદાવાદ | સભ્ય |
| (૨૩) | મેન્યુઅલ સ્કેવેન્જર્સને લગતી કામગીરી સાથે સંકળાયેલ સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિ-૪ જે પૈકી બે મહિલાઓ | સભ્ય |
| (૨૪) | રાજયની બેંકર સમિતિના અધ્યક્ષ, અમદાવાદ | સભ્ય |
| (૨૫) | સફાઇ કામદારોના બે પ્રતિનિધિ સભ્ય જે પૈકી એક મહિલા | સભ્ય |

પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબિલીટેશન, એકટ-૨૦૧૩ ની કલમ-૨૬ મુજબ ઉપર દર્શાવેલ રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિની બેઠક દર છ માસે ઓછામાં ઓછા એક વખત બોલાવવાની થશે તથા આ એકટની કલમ-૨૭ મુજબ આ સમિતિના કાર્યો નીચે મુજબ રહેશે.

આ સમિતિના કાર્યોઃ

(૧) મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટના અસરકારક અમલીકરણ અંગે રાજય સરકાર અને લોકલ ઓથોરીટીને સલાહ આપશે.

(૨) આ એકટના અમલીકરણ સાથે સંકળાયેલ વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન.

(૩) આ એકટના અમલીકરણ અંગે કોઇ પ્રાસંગિક બાબતે વિચારણા કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય તેવી બાબતો અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરશે.

ઉપરોકત સમીતિમાં અનુસૂચિત જાતિના બે ધારાસભ્યશ્રી (૧) માન.ધારાસભ્યશ્રી મહેશ્વરી રમેશ વચ્છરાજ(ગાંધીધામ) અને (૨) માન.ધારાસભ્યશ્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) નિમણૂક કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખઃ- ૧૬-૩-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાનાઃ

માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ (નિયામકશ્રી, અ.જા.ક મારફત)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી નગરપાલિકાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ.જીવરા મહેતા ભવન, ગાંધીનગર.
બેંકર સમિતિના અધ્યક્ષ, દેના લક્ષ્મી ભવન આશ્રમરોડ, RBI નજીક, અમદાવાદ
તમામ ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકાઓ (નિયામકશ્રી નગરપાલિકા મારફત)
પ્રાદેશિક નિયામક, વસ્તી ગણતરી, અમદાવાદ
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, સેકટર-૧૭/એ, ગાંધીનગર.
માન.ધારાસભ્યશ્રીઓ તરફ (નિયામકશ્રી, અ.જા.ક.મારફત)
નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો, સેકટર-૧૭, ગાંધીનગર
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી અ.જા.કમારફત)
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)(નિયામકશ્રી અ.જા.ક.મારફત)
ડીવીઝનલ મેનેજરશ્રી, રેલ્વે, અમદાવાદ (નિગમ ધ્વારા)
સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા)વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સીલેકટ ફાઇલ.